શ્રી જલારામ મંદિર – શિકાગો દ્વારા પ્રકાશિત

# જલારામ દર્પણ

ફોન: ૮૪૭-૪૯૦-૫૨૫૨ / ૮૪૭-૮૦૧-૪૭૫૨
ફેક્સ: ૮૪૭-૪૫૦-૧૭૧૮
http://www.shreejalarammandir.org

૪૨૫ ઈલીનોઈસ બુલેવર્ડ, હોફમેન એસ્ટેટ્સ, ઈલીનાઈસ – ૬૦૧૬૯
એપ્રીલ ૨૦૧૭ ☼ વર્ષ – ૯ ☼ અંક – ૩૦

## આગામી ઉત્સવો

**-: રામ નવમી મહોત્સવ :-**
**અખંડ રામધૂન**
શનિવાર, એપ્રીલ ૮ – સવારે ૯ કલાક થી
રવિવાર, એપ્રીલ ૯ – સવારે ૯ કલાક સુધી
**-: રામ નવમી મહાપૂજા – અન્નકૂટ દર્શન :-**
રવિવાર, એપ્રીલ ૯ – સવારે ૧૦ કલાકે
**-: હનુમાન જયંતિ મહોત્સવ :-**
**સુંદરકાંડ પાઠ**
મંગળવાર, એપ્રીલ ૧૧ – રાત્રે ૮ કલાકે
**સો હનુમાન ચાલીસા પાઠ**
શનિવાર, એપ્રીલ ૧૫ – બપોરે ૧૨ કલાકે
**-: વાર્ષિક હેલ્થ ફેર :-**
રવિવાર, એપ્રીલ ૨૩ – સવારે ૮ કલાકે
**-: સુંદરકાંડ પાઠ :-**
**શ્રી અશ્વિનભાઈ પાઠક દ્વારા**
રવિવાર, જુન ૪ – રાત્રે ૮ કલાકે
**-: વટ સાવિત્રી વ્રત પૂજા :-**
મંગળવાર થી ગુરૂવાર, જુન ૬ થી ૮ – સાંજે ૫ કલાકે
**-: સમુહ સત્યનારાયણ કથા :-**
રવિવાર, જુન ૧૧ – સાંજે ૪ કલાકે
**-: રથયાત્રા મહોત્સવ :-**
રવિવાર, જુન ૨૫ – સાંજે ૫ કલાકે
**દરેક ઉત્સવો બાદ પ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.**

**-: Ram Navmi Celebration :-**
**Akhand Ram Dhun**
Saturday, April 8 - 9 AM to Sunday - 9 AM
**Ram Navmi Mahapuja**
**Annakut Darshan**
Sunday, April 9 - 10 AM - 12 Noon
**-: Hanuman Jayanti Celebration :-**
**Sundarkand Path**
Tuesday, April 11 - 8 PM
**100 Hanuman Chalisa Path**
Saturday, April 15 - 12 Noon
**-: Annual Health Fair :-**
Sunday, April 23 - 8 AM
**-: Sunderkand Path :-**
**By Shri Ashwinbhai Pathak**
Sunday, June 4 - 8 PM
**-: Vat Savitri Vrat Puja :-**
Tue, Wed, Thu, June 6-7-8 - 5 PM
**-: Samuh Satyanarayan Katha :-**
Sunday, June 11 - 4 PM
**-: Rathyatra Celebration :-**
Sunday, June 25 - 5 PM
**Prasad will be served after each event.**

**આપ ઉપર જણાવેલ કોઈપણ ઉત્સવોમાં યજમાન તરીકે, આરતી અથવા પ્રસાદની સેવા આપવા ઈચ્છતા હોય તો આપને દિપકનો ૮૪૭-૩૨૨-૪૬૩૪ અથવા રાજેશનો ૨૨૪-૬૨૨-૯૭૧૭ પર સંપર્ક કરવા વિનંતી છે.**

# *President's Corner*

*Bakul Thakkar*

*Respected Shree Jalarambapa Devotees,*

*With the hard work of volunteers, committee members and support from everyone, our Mandir is the place we all have dreamed for ourselves and for our children.*

*Last month, Shikhars (2) and Domes (4) were installed with golden kalash. This signifies as Hindu Temple.*

*This week everyone were very busy installing chandeliers (5) in main Pooja hall. Chandeliers are square with gold tone and about 100 lights. It looks magnificent and very beautiful, one has to come to and see it.*

*We came a long way but Mandir expansion project is almost coming to end. Now is time we need to concentrate on paying off our outstanding loan and make our Mandir debt free as soon as possible.*

*Please mark you calendar for July 2 to July 9, 2017. We are planning for Murti Pran Pratishtha for Lord Suryanarayan and Navgrah Devtas (Deities) and our first Patotsav. Details of the program and invitation are coming soon.*

*We request all devotees for your support by becoming Mukhya Yajaman (Main Sponsors) for all events.*

*Thank you for all your support in the past and I pray to Pujya Bapa to bless you and give you strength to provide continuous support in the future for our Mandir.*

## સંસ્થા સમાચાર

સૌ જલારામ ભકતોને શ્રી જલારામ મંદિર તરફથી જય શ્રી જલારામ.

પૂર્ણ થયેલ વર્ષ ૨૦૧૬ **ગમેતેવુ** વિત્યુ હોય પરંતુ શરૂ થયેલ નવુ વર્ષ ૨૦૧૭ સૌને **ગમે તેવુ** હોય તેવી પૂ. શ્રી જલારામબાપાના ચરણોમાં પ્રાર્થના.

નવા વર્ષનો શુભારંભ મકરસંક્રાંતિ એટલે કે ઉત્તરાયણ તા. ૧૪ જાન્યુઆરીના દિને નવગ્રહ પૂજાથી થયો. ખૂબ જ સુંદર રીતે નવગ્રહ પૂજા યજમાનો દ્વારા કરવામાં આવી. સુંદર સજાવટ અને ખૂબ જ ધાર્મિક પૂજા મંદિરના બન્ને પૂજારી શ્રી ધર્મેન્દ્રભાઇ અને શ્રી કેયુરભાઇએ કરાવી. મકરસંક્રાંતિના શુભ દિને જ આ પૂજા એક ખૂબ જ સુંદર અને ધાર્મિક રીતે શુભ યોગાનુયોગ હતો. ઘણા ભકતોએ દર્શનનો લાભ લીધો.

ત્યારબાદ ૨૬ જાન્યુઆરીએ ભારતના પ્રજાસત્તાક દિન નિમિત્તે મંદિરના પ્રાંગણમાં ભારત અને અમેરિકાના ધ્વજને માન આપી ધ્વજવંદન કરી ભારતમાતાને પ્રણામ કર્યા.

સૌ જલારામભકતોના આરાધ્યદેવ પૂ. જલારામબાપાનો સ્વર્ગવાસ મહા વદ ૧૦ ના દિવસે થયો હતો. એ દિવસે ૨૧ ફેબ્રુઆરીએ શ્રી જલારામ પુણ્યતિથિ નિમિત્તે મંદિરમાં જલારામબાપાની પૂજા કરવામાં આવી. તેમને પ્રણામ કરી ભજન સત્સંગનો કાર્યક્રમ થયો. અને સૌ ભકતોએ પ્રસાદ લઇ કૃપાનો આભાર માની પોતાની જાતને ધન્ય અનુભવી.

તા ૨૪ ફેબ્રુઆરી શુક્રવારના દિવસે શ્રી શંકર ભગવાનની મહાશિવરાત્રીનો ખૂબ જ ભવ્ય ઉત્સવ ઉજવાયો. ઘણા યજમાનોએ શ્રી ભોલેનાથની પૂજા અને જુદા જુદા દ્રવ્યોથી શિવલીંગ ઉપર અભિષેક કરી આશીર્વાદ મેળવ્યા. મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પછી પ્રથમ વખત જ શંકર ભગવાનના શિવલીંગ ઉપર બિલિપત્ર, દૂધ, પાણી અને જુદા જુદા દ્રવ્યોથી અભિષેક થયો. અને યજમાન સિવાયના સૌ ભકતોએ મંદિર તરફથી રાખવામાં આવેલ બીજા શિવલીંગ ઉપર દૂધ અને પાણીનો અભિષેક કરી ધન્યતા અનુભવી. ઘણા ભકતોએ આ સેવાનો લાભ લીધો અને શિવજીને પ્રિય એવી ભાંગનો પ્રસાદ મંદિર તરફથી ઠંડાઇના રૂપે લીધો. લગભગ ૬૦૦ થી ૭૦૦ ભકતોએ દર્શનનો લાભ લીધો. મંદિરના પૂજારીઓએ ખૂબ જ સુંદર વિધિપૂર્વક પૂજા વિધિ કરાવી સૌને આનંદિત કર્યા.

સૌ ભકતોના જીવનમાં સુખ, આનંદ, આરોગ્ય, તન, મન અને ધન સદાય રહે તેવા વિવિધ આશીર્વાદના પ્રતિક રૂપે રંગ બેરંગી રંગોનો ઉત્સવ એટલે હોળી-ધૂળેટી. શ્રી જલારામબાપાના અને સૌ દેવી-દેવતાઓના આશીર્વાદથી દર વર્ષની જેમ આ વર્ષે પણ મંદિરના પાર્કિંગ લોટમાં હોલીકા દર્શનનો લાભ હોળી પ્રગટાવી ખૂબ જ ધામધૂમ પૂર્વક કરવામાં આવ્યો. લગભગ ૧૫૦૦ થી ૨૦૦૦ જેટલા ભકતોએ આ દર્શનનો લાભ લીધો. મંદિરમાં હોળી નિમિત્તે ખૂબ જ સુંદર ભજનનો લાભ પણ ભકતોએ લીધો અને પ્રસાદનો પણ લાભ લીધો.

મંદિર તરફથી ધાર્મિક પ્રસંગોની ઉજવણી તેમજ સામાજીક પ્રવૃતિઓ પણ ખૂબ જ સારી રીતે ચાલી રહી છે. ભારતનાટ્યમના કલાસ, યોગા કલાસ, યુથ માટેની પ્રવૃતિઓ મંદિરમાં ચાલુ છે.

તા ૨૬ માર્ચના રોજ બ્લડ ડોનેશન કેમ્પ પણ યોજવામાં આવ્યો જેમાં ૪૫ ભકતોએ લાભ લઇ ખૂબ જ ઉમદા કાર્ય કે જે કોઇની જીવનદોરી લંબાવવા માટે ઉપયોગી છે તેનું આયોજન થયુ.

આમ મંદિર તરફથી વિવિધ સામાજીક અને ધાર્મિક સેવાઓ ચાલી રહી છે. પૂ. શ્રી જલારામબાપાના આશીર્વાદથી સૌ ભકતોના જીવનમાં સુખ શાંતિ રહે અને જીવન આરોગ્યદાયક રહે તેવી શુભેચ્છા સાથે સૌને જય જલારામ. સૌ ભકતોને નમ્ર વિનંતિ કે આ પ્રવૃતિઓની જાણ બીજા ભકતોને પણ આપતા રહેશો જેથી તેઓ પણ તેનો લાભ લઇ શકે.

આપ સૌ ભકતોએ આ બધા પ્રસંગોમાં જોડાઇને અનેરો લાભ લીધો એવી જ રીતે આગામી પ્રસંગોમાં જોડાવવા સૌને મંદિર તરફથી નમ્ર વિનંતી.

## જીવનનો સર્વાંગી વિકાસ કરે છે, ધર્મ

**સંકલનઃ રજનીકાંત મોદી**

મહાત્મા વિશ્વન્તર નદીના કિનારે શાંત ભાવથી બેસીને પ્રકૃતિની લીલાનું અવલોકન કરી રહ્યા હતા. તેઓ જોઇ રહ્યા હતા કે પ્રકૃતિ પોતાની રીતે ગતિમાન હતી. પોતાની જ રીતે તેની અંદર ઘટનાઓ ઘટિત થઇ રહી હતી. કોઇ પણ પ્રકારના વ્યતિક્રમ અને વ્યવધાન વિના બધું જ યથાવત્ પોતાના ક્રમથી ચાલી રહ્યું હતું. મહાત્મા વિશ્વન્તર પોતાની અંદર એટલા જ તટસ્થ અને નિર્દ્વંદ્વ હતા. તેમનું મન નિઃસ્પંદ અને નિષ્કંપ હતુ. તેમના મનમાં કોઇપણ વિચાર ઉઠતો ન હતો. તેમનું મન સર્વથા શાંત અને શૂન્ય હતું. તેઓ એટલા માટે નિઃસ્પૃહ ભાવથી પ્રકૃતિની ઘટનાઓને જોઇ રહ્યા હતા.

તેઓ જયાં બેઠા હતા, તેની સામે નદી વહી રહી હતી. તેનો ખળ-ખળ સુમધુર અવાજ એક નૂતન સંગીત પેદા કરી રહ્યો હતો. પવનદેવ મંદ-મંદ શીતળ હવાને સંપ્રેષિત કરી રહ્યા હતા. આ હવાઓમાં નદીના જળની શીતળતા ભળીને વાતાવરણને સુખદ કરી રહી હતી. આ દરમ્યાન આકાશમાં ઊડતા પક્ષીઓનો કલરવ સંભળાઇ રહ્યો હતો. કેટલાક સફેદ બગલા નદીને કિનારે ચહલ-પહલ કરી રહ્યા હતા. નદીનાં ઊંડા જળમાં કેટલીક માછલીઓ રમત કરી રહી હતી. કેટલાંક પક્ષી તરી રહ્યાં હતા. નદીના તટ પર લીલાછમ વૃક્ષ પણ આનંદિત થઇને આ બધાં દૃશ્યોને સાક્ષીભાવે જોઇ રહ્યા હતાં. ભગવાન સૂર્ય અસ્તાચળે ગમન કરી રહ્યા હતા, તેમની લાલિમાંથી આકાશ રક્તિમ થઇ રહ્યું હતું. ત્યાં તેમની સાથે બેઠેલો તેમનો શિષ્ય ધનેશ આ પ્રાકૃતિક સૌંદર્યથી અભિભૂત હતો. તે કલાકો નદીના જળપ્રવાહને જોતો રહેતો હતો. જળપ્રવાહને જોઇને તે બધું જ ભૂલી જતો હતો. તેનું મન જળના એ પ્રવાહમાં અટકી જતું હતું. પછી જળનો પ્રવાહ તેની અંદર વહેવા લાગતો હતો, તેના મનમાં વહેવા લાગતો હતો. ધનેશને પ્રકૃતિ પ્રત્યે અત્યંત લગાવ હતો.

ધનેશની આ અવસ્થાથી તેના ગુરુ મહારાજ ખૂબ પરિચિત હતા. ગુરુ પોતાના શિષ્યની બધી ગતિવિધિઓથી પરિચિત હોય છે. તેના પ્રત્યેક વિચારોને તેઓ વાંચી લે છે. કોઇપણ ગુપ્ત વિચાર તેમનાથી છૂપો રહેતો નથી અને નથી કોઇ ભાવતરંગથી તેઓ અનભિજ્ઞ રહેતા. શિષ્ય ગુરુના તપની ગરમીમાં નવો આકાર પામે છે, નવો જન્મ ગ્રહણ કરે છે. શિષ્ય અને ગુરુનો સંબંધ સામાન્ય નથી હોતો, પરંતુ અદ્ભૂત અને આશ્ચર્યજનક હોય છે. ધનેશના ગુરુ મહારાજ વિશ્વન્તર તેની ચેતનામાં થતાં પરિવર્તનોથી પૂર્ણપણે પરિચિત હતા. તેઓ જાણતા હતા કે ધનેશની મનઃસ્થિતિ ધીરેધીરે ધ્યાનની ઉચ્ચસ્તરીય કક્ષાઓ માટે પરિપકવ થઇ રહી છે. તેની ચેતનાત્મક સ્થિતિની પ્રગતિને જોઇને તેમના મુખ પર પ્રસન્નતાના ભાવ આવી ગયા હતા.

ગુરુ મહારાજની પ્રસન્ન મનઃસ્થિતિ જોઇને ધનેશનું અંતર્મન પણ પ્રસન્ન થઇ ઊઠયું. આને સુયોગ સમજતાં તેણે તેમની સામે પોતાની એક જિજ્ઞાસા વ્યકત કરી - હે આચાર્ય! ધર્મ શું છે? શું ધર્મ કેવળ કર્મકાંડ છે? અને જો તે કર્મકાંડ છે તો પછી આ જીવન સાથે શો સંબંધ ધરાવે છે? ધનેશના આ પ્રશ્નો સાંભળીને મહાત્મા વિશ્વન્તર જાણે કયાંક તલ્લીન થઇ ગયા. તેમના મૌનની સાથે લાગ્યું કે જાણે પ્રકૃતિગત સમસ્ત હલચલો મૌન થઇ ગઇ હોય અને સૃષ્ટિનો હર એક ઘટક તેમની વાણી સાંભળવા માટે મૌન થઇ ગયો હોય. મહાત્મા વિશ્વન્તરના ઉત્તર અનુભવગમ્ય રહેતા હતા. તેઓ એજ કહેતા હતા જેનો તેઓ અનુભવ કરી ચુકયા હોય. ધનેશ પણ જાણતો હતો કે તેના આચાર્ય પ્રશ્નોના જવાબ અત્યંત મૌલિક રીતે આપતા હતા, જે કયારેય સાંભળેલા કે વાંચેલા હોતા ન હતા. મૌલિકતા હોય છે જ એવી કે જયારે પણ તે અભિવ્યકત થાય છે તો સર્વથા નૂતનતા ધારણ કરેલી હોય છે.

યોગીનું જીવન બહારના ધરાતલ પર અવસ્થિત હોતું નથી, એટલે બહારના ક્રિયાકલાપોથી તેમને જાણવાનું સંભવ નથી. તેવી જ રીતે મહાત્મા વિશ્વન્તરના યૌગિક જીવનને સમજવાનું તો દૂર, તેની કલ્પના પણ કરી શકાતી નથી. કયારેક કયારેક તેમના વ્યવહાર ખૂબ વિચિત્ર થતા હતા. પરંતુ એ વિચિત્રતાઓમાં પણ ગંભીર રહસ્ય છુપાયેલુ રહેતુ હતુ. આ બધા તથ્યોથી ધનેશ પરિચિત હતો. એટલા માટે પ્રશ્ન કરીને તે પણ શાંત અને મૌન થઇને પોતાના ઉત્તરની રાહ જોવા લાગ્યો હતો.

મહાત્મા વિશ્વન્તર બોલ્યા - વત્સ! ધર્મની અનેકાનેક પરિભાષાઓ છે. ઋષિઓએ પોતપોતાના અનુભવથી તેની વ્યાખ્યા કરી છે. દેશ, કાળ અને પરિસ્થિતિને અનુરૂપ જ તેને સમજવામાં આવતો રહ્યો છે. જોકે ધર્મ કાળજયી છે, કાળથી પર અને પાર છે પરંતુ તેમ છતાં પણ ધર્મના મર્મની સમજ હર કોઇમાં હોતી નથી. ધનેશ બોલ્યો - હે ગુરુવર! ધર્મના આ મર્મથી મને પરિચિત કરાવવાની કૃપા કરો. થોડુંક અટકીને મહાત્મા વિશ્વન્તર બોલ્યા - વત્સ! અંતરિક્ષમાં અનેક સૂક્ષ્મ શકિતઓની ધારાઓ પ્રવાહિત થઇ રહી છે. આ સૂક્ષ્મ શકિતધારાઓ અત્યંત શકિતશાળી હોય છે પરંતુ આપણી પહોંચથી બહાર અને સામાન્ય દૃષ્ટિથી પર હોય છે. આ સૂક્ષ્મ શકિતધારાઓની પ્રકૃતિ અને પ્રભાવ પણ અલગ અલગ હોય છે. આટલું કહ્યા પછી મહાત્મા વિશ્વન્તર મૌન થઇ ગયા, જાણે પોતાની આંખોથી એ બધું પ્રત્યક્ષ કરી રહ્યા હોય.

મહાત્મા વિશ્વન્તર મિતભાષી હતા પરંતુ જયારે પણ તેઓ બોલતા હતા તો તેમની વાણીનો પ્રભાવ સાંભળનારના હૃદયના ઊંડાણમાં પડતો હતો. થોડી વાર મૌન રહ્યા પછી તેઓ ફરીથી બોલ્યા - વત્સ! અંતરિક્ષમાં વહેતી આ શકિતધારાઓનો પોતાના જીવનના વિકાસ માટે કેવી રીતે

પ્રયોગ કરવામાં આવે, તેનું વિજ્ઞાન-વિધાન શોધવામાં આવ્યું. પ્રત્યેક શક્તિધારાને પોતાના તરફ આકર્ષિત કરવા માટે એક વિજ્ઞાન-વિધાન હોય છે, એક વિશિષ્ટ પ્રક્રિયા હોય છે. આ વિજ્ઞાન-વિધાન અને વિશિષ્ટ પ્રક્રિયાઓને કર્મકાંડ કહે છે. આ કર્મકાંડ, જેના માધ્યમથી અંતરિક્ષની શક્તિધારાઓને આકર્ષિત કરવામાં આવે છે. તેનો સ્થૂળ ઉદ્દેશ્ય જીવનના વિભિન્ન આયામોને વિકસિત કરવાનો હોય છે પરંતુ તેનો સૂક્ષ્મ ઉદ્દેશ્ય માનવીય મનમાં શ્રેષ્ઠ આસ્થાઓને સ્થાપિત કરવાનો હોય છે. જેની સ્થાપનાને ધર્મ કહી શકાય.

ધનેશે ધર્મની આવી અદ્દભુત વ્યાખ્યા કયારેય સાંભળી કે વાંચી ન હતી. ધનેશે કહ્યું - હે આચાર્ય! આનું તાત્પર્ય એ છે કે ધર્મ એક વિધાન છે અને ધાર્મિક કર્મકાંડ એવી વિશેષ પ્રક્રિયા છે જેના માધ્યમથી અંતરિક્ષમાં વિદ્યમાન શક્તિધારાઓનો ઉપયોગ જીવનના સાર્થક ઉપયોગ માટે કરવામાં આવે છે. પરંતુ શું આ શક્તિધારાઓનો ઉપયોગ જીવનની સમસ્યાઓના નિરાકરણ માટે પણ કરી શકાય છે? મહાત્મા બોલ્યા - હા વત્સ! ધર્મના માધ્યમથી જીવનની સમસ્ત સમસ્યાઓનું ફક્ત સમાધાન જ સંભવ નથી પરંતુ જીવનનો સર્વાંગી વિકાસ પણ સંભવ છે. એટલા માટે જ ધર્મવિહીન જીવનને પશુતુલ્ય કહેવામાં આવ્યુ છે.

આ સાંભળીને ધનેશે કહ્યું - હે આચાર્ય! કૃપા કરીને એક એવા ધાર્મિક કર્મકાંડ વિશે જણાવો જેનાથી જીવનની સમસ્યાઓનું સમાધાન થાય અને તેનો વિકાસ પણ થઇ શકે. મહાત્મા બોલ્યા - વત્સ! આ સંદર્ભમાં અસંખ્ય એવા ધાર્મિક કર્મકાંડ છે. તેમાંથી એક છે - ગાયત્રી અનુષ્ઠાન અને રુદ્રાભિષેક. આ એવા મહત્વપૂર્ણ કર્મકાંડ છે જે અંતરિક્ષમાં વહેતી એક વિશિષ્ટ શક્તિધારા સાથે સંપર્ક કરાવી દે છે અને તેના પ્રભાવથી જીવનમાં દુર્ઘટના, બીમારીના નિવારણની સાથેસાથે માનસિક શાંતિ અને સંતોષ પ્રાપ્ત થાય છે.

ધનેશને ધર્મનું રહસ્ય અને ધાર્મિક કર્મકાંડના શક્તિધારાઓ સાથેના સંપર્ક - સંબંધ વિશે અદ્દભૂત તથ્ય જાણવા મળ્યુ હતુ. તે પોતાને અહોભાગ્ય સમજી રહ્યો હતો. સાંયકાલીન સંધ્યાનો સમય થવા આવ્યો હતો. મહાત્મા વિશ્વન્તર હવે પોતાની કુટિર તરફ ચાલી નીકળ્યા અને ધનેશ મનમાં આચાર્યની, એ ધર્મની વ્યાવહારિક વ્યાખ્યાઓ લઇને તેમની પાછળ પાછળ ચાલવા લાગ્યો.

## જીવનમાં અતિ ઉપકારક એવી પ્રેરણાદાયી વિચારધારા

**સંકલનઃ ડૉ. મગનભાઇ પટેલ**

મકાન વેચનાર, દારૂનો વ્યવસાય કરનાર, મચ્છી મારી ખાનાર એક વેપારી અનીતિથી ખૂબ ધન કમાયો. મોજ શોખથી રહેવા લાગ્યો. એક દિવસ શ્રી કૃષ્ણ ભગવાન તથા અર્જુન તેના ઘર આગળથી પસાર થઇ રહ્યા હતા. . અર્જુને આ દૃશ્ય નિહાળ્યુ અને શ્રી કૃષ્ણ ભગવાનને તેણે પૂછયુ પણ ખરું. આ માણસ માછલીઓને મારીને ખૂબ પાપ કરે છે તેમ છતાં આટલો બધો ધનવાન કેવી રીતે થયો? પૂણ્ય કરનાર માણસ કરતાં પણ મોજ મજાથી તે કેવી રીતે રહેતો હશે?

શ્રી કૃષ્ણ મહાપ્રભુએ અર્જુનને કહ્યું, આ તારા પ્રશ્નનો ઉત્તર હું સમય આવશે ત્યારે અવશ્ય કહીશ. આ વાતને ઘણો સમય વ્યતીત થઇ ગયો. એક વખત શ્રી કૃષ્ણ ભગવાન અને અર્જુન જંગલમાંથી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક જાડા થડનો ખાંપો એક હાથીના પેટમાં પેસી ગયેલો. તેથી અતિશય પીડા થવાથી તે હાથી ખૂબ બુમો પાડતો હતો. ભૂખ, તરસ અને અસહ્ય દુઃખથી પીડાતો હતો. અને લોહી નીકળતુ હતુ. ત્યાં જીવાત પડી હતી. માખીઓ બણબણતી હતી. એજ સમયે અર્જુન અને શ્રી કૃષ્ણ ભગવાન આ જંગલમાંથી પસાર થઇ રહ્યા હતા. અર્જુને આ દૃશ્ય નીહાળ્યુ. અર્જુનને ખૂબ દુઃખ થયુ. અર્જુને શ્રી કૃષ્ણને પૂછયું, આ હાથીએ શું પાપ કર્યા હશે તો તેને આટલુ બધુ દુઃખ ભોગવવુ પડે છે. શ્રી કૃષ્ણે જવાબ આપ્યો કે ઘણા વખત પહેલા પેલા માછીમારના સુખની વાત તેં કરી હતી તે જ આ હાથી છે. તે શેઠ માછલીઓ મારીને ધનવાન થયો હતો તે આ હાથી છે. તે માછીમાર શેઠની આ દશા થઇ છે. જે પાપ કર્મ કરી ધન પ્રાપ્ત કરે છે તેને બીજા જન્મે અસહ્ય દુઃખ ભોગવવુ પડે છે. આ પ્રારબ્ધ કર્મ છે તેને બીજા જન્મે કરેલા કર્મોનો બદલો અવશ્ય ભોગવવો જ પડે છે. આ પ્રારબ્ધ કર્મ છે. કરેલા કર્મોના પરિણામ સ્વરૂપે તેમાંથી છૂટકારો થતો નથી.

આવી દુઃખદ પરિસ્થિતિ આવી પડે ત્યારે ભગવાનના ભકતે ભગવાનનું બળ રાખી ભગવાનનું અખંડ ચિંતવન કરવુ અને ભગવાનના માર્ગમાંથી ડગી જવાનું નહિ. આ જન્મે સમજણ રાખી કોઇપણ જાતના અપરાધ કર્યા સિવાય ધન એકત્રિત કરવામાં આવે તો પ્રારબ્ધ કર્મ ધર્મમય બને છે. આ સત્ય હકીકત હંમેશા યાદ કરવી. ગરીબ હોય કે ધનવાન, સંત હોય કે મહંત પરંતુ પ્રારબ્ધમાં લખ્યુ હોય તે સુખ-દુઃખ અવશ્ય ભોગવવુ જ પડે છે. એ કુદરતી નિયમ છે.

**એક પતિ-પત્નીનો પ્રસંગ**

એક પતિ-પત્ની ખૂબ ગરીબ હતા. જંગલમાંથી લાકડા કાપી લાવી પોતાનું ભરણ પોષણ કરતાં. એક વખત જંગલમાંથી લાકડા કાપી બન્ને જણ લાકડાની ભારીયો લઇ આવતા હતા. સામેથી શીવ-પાર્વતી આવી રહ્યાં હતાં. આ દંપતીની આવી દશા નિહાળીને પાર્વતીજીને દયા આવી. તેમણે શિવ ભગવાનને કહ્યું આ દંપતિ ખૂબ ગરીબ છે. તે સુખી થાય તેવુ કાંઇક કરો. શિવજીએ કહ્યુ એના પ્રારબ્ધમાં આ રીતે જીવન પસાર કરવાનું લખ્યુ છે તેમાં પરિવર્તન થઇ શકે નહિં. શિવજીનો આવો જવાબ સાંભળ્યો તેમ છતાં પાર્વતીજીએ આગ્રહ કર્યો. શિવજીએ કાનમાં કુંડળ અને સોનાનો હાર રસ્તામાં મૂકયો અને પાર્વતીજીને કહ્યુ તેના નસીબમાં હશે તો તેને મળશે. પેલા દંપતિ સોનાના કુંડળ પડયા હતા તેની નજીક આવ્યા અને બાઇના પતિએ કહ્યુ આંધળા માણસો કેવી રીતે ચાલે છે. બન્ને આંધળા થઇ ગયા અને ચાલવા માંડયા. રસ્તામાં પડેલા સોનાના કુંડળ જોઇ શકયા નહિં. કુંડળની જગ્યા પસાર થયા પછી આંખો ખોલી અને ચાલવા માંડયું ત્યારે શિવજીએ પાર્વતીને કહ્યુ તેમના નસીબમાં ગરીબાઇ છે એટલે તે કુત્રિમ રીતે આંધળા થઇ ગયા અને સોનાના કુંડળ તેમને મળ્યા નહિ ત્યારે પાર્વતીજી કબુલ થયા કે પ્રારબ્ધમાં જે લખ્યુ હોય તે પ્રમાણે ભોગવવુ પડે છે.

**મંદિરનું મોતીયું કાપી નાંખ્યું**

સૌરાષ્ટ્રમાં તરક તળાવ નામનું ગામ આવેલુ હતુ. ત્યાં લુહાર જ્ઞાતિના કરશન ભગત રહેતા હતા. તે નિષ્ઠાવાન હરિભકત હતા. ગામમાં મંદિર ન હતુ. પોતાના ઘેર મંદિર બનાવ્યુ. મંદિરના છાપરાના ભાગમાં મોભ વધારે હતો. કરશન ભગતે વણિકને કહ્યું પણ આ મોભ મૂકાવવો. વણિકે હા કહી પછી મોતીયુ મૂકાવ્યુ. મંદિર તૈયાર થયા પછી વણિકે મોતીયુ કાપી નંખાવ્યુ. ભગતે ઘણી આજીજી કરી પણ વણિકે માન્યુ નહિ. વણિકની બુદ્ધિ બગડી. તેણે તેના બે બાળકોને તલવારથી મારી નાંખ્યા અને પોતે પણ પેટમાં તલવાર મારી છતાં તે મરી શકયો નહિ અને રીબાવવા લાગ્યો. ગામ લોકો ભેગા થઇ ગયા. પેટમાંથી તલવાર કાઢી અને વણિક તુરત જ મૃત્યુ પામ્યો. હરિભકતને દુભાવવાનું આ પરિણામ. આખા કુટુંબની દુર્દશા થઇ.

આથી એ સમજવું કે દાસની પેઠે ભગવાનને આધીન રહીને આજ્ઞામાં રહેવુ. ભગવાનના મંદિર કરવાં, શકય હોય તો મંદિરમાં દાન કરવુ, ભગવાનના અર્થે થાળ કરવો. આવા કલ્યાણકારી કાર્યો કરવાથી ભગવાન ખૂબ રાજી થાય છે. સારા માર્ગે વાપરેલુ ધન હંમેશા સુખદાયી નીવડે છે.

**બાળકોને મંદિરમાં શા માટે લાવવા**

એક ગામમાં સંતો કથા કરે છે. એક હરિભકત દરરોજ કથા સાંભળવા જાય, સાથે એક છોકરાને પણ કથા સાંભળવા લાવે. છોકરાને સારા સંસ્કાર મળે. છોકરો પાકો સત્સંગી બનેલો. સવારમાં વહેલો ઉઠે, નાહી-ધોઇને પૂજા-પાઠ કરે, નિયમિત દરરોજ મંદિરે જાય. કથા રસપૂર્વક સાંભળે. આ ગામના મુખી પેલા હરિભકતને સલાહ આપે કે તુ છોકરાને અત્યારથી મંદિરમાં મોકલીશ, કથામાં સાથે લઇ જઇશ તો છોકરો સાધુ-સંત બની જશે તો તુ શુ કરીશ? જો મારો છોકરો મંદિરે જતો નથી, ખેતરમાં જાય છે, ખેતરનું કામ કરે છે. તારા છોકરાને પણ ખેતરમાં મોકલ. ખેતી કરવાની, મહેનત કરવાની ટેવ પાડવી. નાનપણથી જ એમ કરવાથી છોકરો સારુ કમાય અને કામ કરવામાં તેનો ઉત્સાહ વધે.

પેલા હરિભકત મુખીને કહે છે કે છોકરો મંદિરે જશે, પૂજા પાઠ કરશે, સાધુ-સંતોને મળશે તો તે સારુ જીવન જીવશે. તેણે મુખીની શિખામણ માની નહિ. છોકરો મોટો થયો તો સંસ્કારી થયો. પોતાના ઘરનું તથા ખેતરનું કામ વ્યવસ્થિત કરવા લાગ્યો. જયારે મુખીનો છોકરો સ્વચ્છંદી

બન્યો, દુરાચારી બન્યો, સમય ગમે તેમ બરબાદ કરવા લાગ્યો. સાથે ચોરી કરવા લાગ્યો. તેના પર કેસ થયો. તેને જેલમાં જવુ પડયુ. મુખીનું મુખીપણું પણ જતુ રહ્યુ. મુખી ખૂબ પસ્તાવા લાગ્યા. પાણી વહી ગયુ પછી પાળ બાંધવાથી શો ફાયદો?

બાળકોને સારા સંસ્કાર આપવા એ માતા-પિતાની પ્રારંભિક જવાબદારી છે. ભગવાનના દ્રઢ આશ્રિત બનવુ. ગરીબ હરિભકત હોય તેની આગળ પણ સ્વમાન ન રાખવુ. માન ભગવાનને બિલકુલ ગમતુ નથી. મન પણ જો મનનું ધાર્યુ કરે તો તે ભગવાનને ગમતુ નથી. અને જે ભકત માનનું સતત ચિંતવન કરે તે પ્રભુને બિલકુલ ગમતો નથી. માટે માનનો ત્યાગ કરી પ્રભુનો રાજીપો મેળવી લેવો હિતાવહ છે. આ રીતે માન અને મનને હંમેશા જીતી લેવુ તો જ પ્રભુની કૃપા થાય છે. સંતોનું જીવન પવિત્ર અને પ્રેરણાદાયી હોય છે.

**<u>સાધુ - સંતોના જીવન ચરિત્રમાંથી બોધપાઠ</u>**

સાધુ-સંતોના જીવનમાં સત્ય, ધર્મ અને પરિપૂર્ણતાના દર્શન થાય છે. આપણા જીવનની તેમના જીવન સાથે તુલના કેવી રીતે થઇ શકે?

સંતો ભૂખ, તરસ, ટાઢ, તાપમાં પહેરવા-ઓઢવાનું ન હોય તેવી સ્થિતિમાં પણ શ્રમ તેમજ થાક, વ્રત-ઉપવાસમાં, પ્રાર્થના અને ચિંતનમાં, રિબામણી અને અનેક અપમાનો થતા હોય ત્યારે પણ ગજબનું ધૈર્ય અને સહનશિલતા રાખે છે. રણમાં અને સતસંગમાં વિચરતા પવિત્ર સંતોનું જીવન કેવુ કડક અને દમનયુકત હોય છે. લાંબા ગાળા સુધી તેમણે ભારે લાલચોનો સામનો કર્યો હોય છે. કેટલીકવાર અને કેટલી ઉત્કટતાથી તેઓ પ્રભુ પાર્થના કરતા. પોતાના દુર્ગુણો જીતવા વીરતાપૂર્વક સંગ્રામ ખેલતા. ઇશ્વર માટેની તેમની ભાવના કેટલી વિશુક અને પ્રેરણાદાયી હોય છે.

આખો દિવસ કામ કરતા છતાં પ્રભુને પ્રાર્થના કરવાનું ચૂકતા નથી. ઇશ્વરની સેવામાં તેમનો સમય જાણે કે ચપટી વગાડવામાં વીતી જતો. મનની મધુરતા માણવામાં શારીરિક જરૂરીયાતોને પણ ભૂલી જતા, ત્યજી દેતા. દુનિયાનું કશુ જ ઇચ્છતા નથી. ધન-સંપતિ, માન મરતબો, પ્રતિષ્ઠા, મિત્રો અને સગાં-સંબંધીઓને ત્યજી દેવા. જીવનની જરૂરીયાતો જેટલુ જ માત્ર લેતા. માલમત્તા વિનાના હોવા છતાં ઇશ્વરના અતિ કૃપાપ્રસાદ અને સદ્દગુણોમાં તેઓ ખૂબ સમુહ ગણાતા. ઇશ્વરના તેઓ અત્યંત પ્રિય અને નિકટના મિત્રો કહેવાતા.

પોતાને મન તેઓ તુચ્છ હતા પણ પ્રભુની દૃષ્ટિમાં તો તેઓ મોંઘાદાટ ગણાતા. ઇશ્વરની આજ્ઞાનું પૂર્ણ પાલન કરી નમ્રતાપૂર્વકનું જીવન વ્યતીત કરતા. દયાધર્મ અને ધૈર્યભર્યુ જીવન જીવતા. તેઓ ખરેખર પવિત્ર અને પૂર્ણ માણસો ગણાય. દુર્ગુણો સામે સતત ઝઝુમનારા હતા અને દુનિયાને તુચ્છ ગણી જીવન વ્યતીત કરતા. સાચા સંતો ઈશ્વરની કૃપા વધુને વધુ મળે તેવા સતત પ્રયત્નો કરતા હોય છે. આવા પવિત્ર સંતોને અનુસરવાથી જીવન રૂડુ થાય છે. જીવનમાં સત્ય, ધર્મ અને પરિપૂર્ણતાના દર્શન થાય તે ખાસ જરૂરી છે. સાચા સંતો દુર્ગુણો સામે ઝઝુમે છે. ધીરજથી ગુરુજનો તથા મહાપુરુષોની આજ્ઞાનું હંમેશા પાલન કરે છે. સારા અને સાચા સંતોનું જીવન સર્વ સદ્દગુણોથી ઝળહળતુ હોવુ જોઇએ. તેમનું નિશ્ચયબળ ઇશ્વરની કૃપા પર સવિશેષ નિર્ભર હોય છે. પ્રત્યેકે સમજી રાખવુ કે માણસ ધારે છે કાંઇ અને ઇશ્વર કરે છે કાંઇ. માણસનું ભાવિ તેના પોતાના હાથમાં હંમેશા હોતુ નથી. આધ્યાત્મિક પ્રગતિના પંથે ચાલતા ભૂલો થવાની સંભાવના રહે છે પરંતુ આત્મ નિરીક્ષણ કરનારને સદ્દમાર્ગ અવશ્ય મળી રહે છે.

દરેક માણસે તદ્દન આળસુ બેસી રહેવુ નહિ. વાંચવુ, લખવુ, પ્રાર્થના કરવી, સારા પુસ્તકોનું સતત ચિંતન-મનન કરવું અને સમાજના વિવિધ કામોમાં વ્યસ્ત રહેવુ તો જ પ્રભુ કૃપા અવશ્ય વર્ષે છે.

પૂ. શ્રી જલારામબાપા સંત શિરોમણી હતા. એક મહાન સેવાભાવી ભકત હતા. દુ:ખીજનોના સાથીદાર હતા. ગરીબોના બેલી હતા. પરમાર્થનું અદ્દભૂત કાર્ય કરતા હતા. પરોપકારી કાર્યો પૂર્ણ કરી સંવત ૧૯૩૭ ને ફેબ્રુઆરી માસમાં શ્રી રામ પ્રભુને પ્યારા થઇ ગયા. ઇ. સ. ૧૮૮૧માં વૈકુંઠ ધામમાં સ્થાન પામવાનું સદ્દભાગ્ય સાંપડયુ. આ મહાપુરુષની યાદ ખરેખર પ્રેરણાદાયી અને કલ્યાણકારી ગણી શકાય.

શ્રી જલારામ દર્પણમાં પ્રત્યેક અંકમાં અનેક પરચાઓ પ્રકાશિત થાય છે. શ્રી જલારામબાપાના દર્શન કરનારને સુખ, શાંતિ અને સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. શ્રી જલારામબાપા તથા વીરબાઈમાતાએ હૃદયના ભાવથી અનેક આપત્તિઓ આવવા છતાં સેવા કરવા માટે અન્નક્ષેત્ર ખોલ્યુ. ગરીબ, દુઃખીજનો તથા આંગતુક તમામને નાત-જાતના ભેદભાવ સિવાય વીરપુર ધામમાં ભાવથી જમાડવાનું ચૂકતા નહિ. ‘‘ભૂખ્યાને ભોજન અને દીન દુઃખીયાને આશરો’’ આપતા. શ્રી જલારામબાપા આજે અવની પર નથી તેમ છતાં તેમના આશીર્વાદ દ્વારા અનેક ભકતોના તમામ કાર્યો તેમની પરમ કૃપાથી સિદ્ધ થાય છે.

પૂ. શ્રી જલારામબાપાને હૃદયના ભાવથી વિનંતી કરીએ કે પ્રત્યેકના જીવનમાં શાંતિ, સલામતી અને ગરીબોની સેવા કરવાની વિરલ શક્તિ આપે.

અંતમાં કહી શકાય કે,

‘શાંતિ દેનારા શ્રી જલારામબાપાને ન સમર્યે તારો એળે ગયો જનમારો મનવા,
ગાદલા બીછાવવામાં રાત તો વહી ગઇ,
ઊંઘવાનું રહી ગયુ ને સવાર તો થઇ ગઇ.’

દેવોને પણ દુર્લભ એવો આ માનવ દેહ આપણને મળ્યો છે તો આત્માને ઓળખી મોક્ષ મેળવવાનું ચૂકી ન જવાય તેની ખાસ તકેદારી રાખવી અને કનક, કાન્તા તેમજ કીર્તિના મોહમાં પાગલ ન બનીએ તો જ પ્રભુમાં પ્રીતિ થાય અને અંતે આપનું કલ્યાણ અવશ્ય થાય. શ્રી જલારામબાપાની જેમ મહાનતા તો ત્યારે જ આવે કે જેઓ એમની પાસે જે છે તેમાં સંતોષ માનીને બેસી રહેતા નથી પરંતુ સતત પુરુષાર્થ કરી સિદ્ધિ મેળવવા સઘન પ્રયત્નો કરતા રહે છે.

# Youth Corner

### *Who Is God?*

*Hindus consider Brahman or Ihsvara the ultimate reality. There are hundreds of Gods and Goddesses (Devas and Devis – meaning “divine manifestation of the supreme”) in Hinduism, and each is seen as the personification of an aspect of Brahman. The three main Gods representing the Hindu Trinity are Vishnu, the force for preservation; Brahma, the creator; and Shiva the destructive force. And the main accompanying Goddesses (consorts) of each are: Lakshmi (wealth and prosperity), Saraswati (knowledge), and Shakti or Durga (creative power), respectively.*

### *Where Did We Come From?*

*All reality is an expression or manifestation of Brahman, the One that is All. There are several different accounts in Hindu sacred texts about how the universe was created. The main doctrine says that the Supreme Being, which is one and only one, wanted to be many and thus created this universe to have leela or play. Some Hindus believe that the universe and all in it have been destroyed and recreated several times, and will be again. There are cycles for both the universe and for individual lives. The cycle for individuals is samsara, or*

*reincarnation. As manifestations of the One that is All, we will return to Brahman eventually.*

### *Why Are We Here?*

*Hindus believe in karma- the law of action and effect, which states that what you do in this mundane life has either a positive or a negative consequence in the realm of ultimate reality, which in turn effects your earthly existence. Along with karma, Hindus believe in re-birth (reincarnation). The goal of life for a Hindu is to escape this worldly cycle of karma and rebirth by allowing his or her soul to become one with Brahman-the One that is All.*

*Moksha is the term for this final emancipation (release) from mundane existence. Sometimes Hindus refer to this state as nirvana, but nirvana is in fact mainly a Buddhist term. Hindus believe that worldly objects distract and prevent a person from attaining oneness with Brahman. Moksha is Self-realization or Yoga (meaning connecting with or discovering the Self or the personal soul called Jiv-atma and thus communion the Param-atma or the Supreme Being). A deeper meaning of Moksha is to free oneself from all the human emotions (greed, anger, hatred etc.) and attachments, which are causes of pain and sufferings.*

### *How Do We Know?*

*The primary Hindu religious books are called the Vedas, which means knowledge in Sanskrit (the ancient language of the Hindus). Vedas are the oldest texts known to human kind. Hindus believe the Vedas contain universal truth. There are four basic Vedic books.*

*Rigveda is the most important and contains mantras (hymns to the Gods) composed thousands of years ago which were memorized, chanted, and passed down orally from one generation to the next before being written down in Sanskrit. The other Vedic books are Yajur-veda, Sama-Veda, and Atharva-veda.*

*The Bhagavad-Gita (which means Song of the Lord) is also a very important book for Hindus. It outlines the three paths (marga) to final release from the mundane world: karma-marga (the path of action and duties) which outlines deeds such as selfless service, which ultimately frees oneself and also various religious and social rituals; gnana-marga (the path of knowledge) which encourages meditation, study, and yoga as a way to identify yourself with Brahman; and bhakti-marga (the path of devotion) which calls for the worship of a particular God.*

*There are literally hundreds of scriptures to be found in the Hindu tradition. The other main books are the Upanishads, the Puranas and the two of the world's*

*greatest epic-spiritual-historical works in the world: the Ramayana and the Mahabharata. Bhagavad-Gita is a part of the Mahabharata.*

### *What Do We Have To Do?*

*Hindu people perform meditation, Yoga, sacrifices (mainly food), image worship, rituals, fasting, sacraments, and sing or chant personal devotionals (mantras, or hymns to the Gods) to certain Gods that have particular meaning for them. Practicing Hindus perform these duties either at a temple, or at a shrine in their homes or places of work. Adherence to these practices allows a Hindu peace in this life, and the purity of mind, body, and spirit required for communion (or contact) with the divine.*

*Tradition, order, and hierarchy are very important to the Hindu view of the world. Part of being a faithful Hindu means fulfilling the dharma (law and duty) of your particular social position, family, and profession.*

*There are four major varnas (or professional classes) of Hindu society: Brahmins (people in the field of knowledge such as priests, teachers), Kshatriyas (people in the field of defense and administration such as kings, governance and army), Vaishyas (people in the field of trade and welfare) and Shudras (people in the field of service and labor). There are thousands of castes or a specific professional group in Hindu society. Fulfilling the dharma or duties of your particular position is a key way of ensuring stability and welfare of a person, a society and the entire creation in this life and the next.*

## જલારામ કૃપા

૧. મને ઘણી બધી શારિરીક તકલીફો હતી જેવી કે એસીડીટી, છાતીનો દુઃખાવો તે બધુ પૂ. બાપાની કૃપાથી મટી ગયુ છે. મેં માનતા માની હતી કે મારો મેડીકલ રીપોર્ટ નોર્મલ આવશે અને કોઇ જીવલેણ રોગ નહી થયો હોય તો બાપાનો પરચો છપાવીશ. મારી લાજ રાખી છે અને રાખશો એ માટે આ માનેલો પરચો છપાવી બાધામાંથી મુકત થાઉ છું.

૨. પૂ. બાપાને મારા કોટી કોટી વંદન. બાપાના પરચા અપરંપાર છે. મારા જમાઇની તબીયત સારી નહોતી. સર્જરી કરાવવાની હતી. ખૂબ જ ચિંતા થતી હતી. મને પણ ગળામાં ખૂબ દુઃખતુ હતુ અને સતત ખાંસી રહ્યા કરતી હતી. મન ખૂબ જ દુઃખી હતુ અને પૂ. બાપાને યાદ કર્યા અને પરચો છપાવવાની માનતા માની. કે જો મારા જમાઇની સર્જરી સારી રીતે થઇ જશે અને મારી તબીયત પણ સારી થશે તો પરચો છપાવીશ. હવે પૂ. બાપાની કૃપાથી બધુ જ સારું છે અને કોઇ ચિંતા નથી. હે જલા-સાંઇ, આપના ચરણોમાં કોટી કોટી વંદન. જેવી અમારી સહાય કરી એવી સૌની કરજો. સદા અમારી સાથે રહેજો. આ સાથે યથાશકિત ભેટ મોકલુ છુ તે સ્વીકારશો અને પરચો છાપી મને ઋણમુક્ત કરશો.

૩. પૂ. જલાબાપા અને પૂ. સાંઇબાબાના આશીર્વાદથી અમારા પરિવારની ખૂબ જ રક્ષા થાય છે. અમારા નાના મોટા કાર્યોમાં પૂ. બાપા અમોને ખૂબ જ મદદ કરે છે અને હંમેશા અમારી સાથે રહે છે અને અમારા પરિવારનું ધંધા-નોકરીમાં અને સ્વાસ્થ્યનું ખૂબ ખૂબ રક્ષણ કરે છે. પૂ. બાપા અને પૂ. સાંઇબાબા અમારા પરિવારની રક્ષા હરહંમેશ કરશો તેવી અમારા પરિવારની અંતઃકરણથી હૃદયપૂર્વક પ્રાર્થના.

૪. પૂ. બાપા, આપની અસીમ કૃપાથી મારો રીપોર્ટ નોર્મલ આવ્યો. ડૉકટરે કહ્યું કે તમે ઇન્ડિયા નહિં જઇ શકો. મેં મા અંબા અને પૂ. બાપાને કહ્યું નોર્મલ રીપોર્ટ આવે કારણ કે બે દિવસમાં ઇન્ડીયા જવાનું હતુ. ૧ કલાકમાં રીપોર્ટ આવ્યો અને એ નોર્મલ હતો. પૂ. બાપા અને પૂ. માની કૃપાથી હવે હું ઇન્ડીયા જઇ શકીશ. આવી કૃપા હંમેશા કરતા રહેજો.

૫. પૂ. બાપાની અસીમ કૃપાથી મારા પુત્રાને મેડીકલ કોલેજમાં ડૉકટરના ફીલ્ડમાં એડમીશન મળી ગયુ છે. પૂ. બાપા, તે વહેલો ડૉકટર થઇને આવે એવા આશીર્વાદ આપશો.

૬. પૂ. જલારામબાપાને મારા લાખો વંદન. જલારામબાપા તથા સાંઇબાબાની કૃપાથી મારી પુત્રીને ત્યાં પુત્રીનો જન્મ થયો છે. મેં પરચો છપાવવાની તથા પારણું બંધાવવાની માનતા રાખેલી તો મારી અતૂટ શ્રધ્ધાથી માનતા પુરી કરું છું. મારા પરિવારના સભ્યો જયારે યાદ કરે ત્યારે અમારી સહાય કરવા આવીને ઉભા રહેજો. દરેક ભકતોની મનોકામના પૂર્ણ કરજો.

૭. મારી દીકરી ઘણા સમયથી મકાન શોધતી હતી. ઘણા મકાનો જોયા પરંતુ જે પસંદ આવે તે જતા રહે અને તે અપસેટ થઇ જાય. છેલ્લે બે મકાન બીજા સબર્બમાં જોવાના હતા. તેમાં પણ તેમને એવું જ થયુ. આથી મેં બાપાનો પરચો છપાવવાનો નક્કી કર્યુ કે બાપા મારી દીકરીને મન ગમતુ મકાન મળી જશે તો પરચો છપાવી યથાશક્તિ ભેટ મુકીશ. બાપા તો હાજરા હજુર છે અને એમના ભકતોની વિનંતી સાંભળીને તરત જ આવી જાય છે. એમાં થયુ એવુ કે એને બીજી જગ્યાએ ઘર જોવા જવાનું હતુ પણ એના એજન્ટનો ફોન આવ્યો કે તેને જે પહેલુ મકાન ગમતુ હતુ તે તેને મળી જશે. એટલે એ બધા ત્યાં ગયા અને જે પહેલી વખત મકાન જોયુ હતુ તેજ મકાન મળી ગયું. તેઓએ તુરત જ ઓફર મુકી દીધી. પૂ. બાપા તમારી લીલા અપરંપાર છે જેને જેટલી ગાઇએ તેટલી ઓછી છે. બાપા, અમારી જે ઇચ્છા પૂરી કરી છે અને વિનંતી સાંભળી છે તેમ દરેક ભકતોની ઇચ્છા પૂર્ણ કરશો. આ સાથે યથાશક્તિ ભેટ મોકલુ છુ તે સ્વીકારશો અને પરચો છાપી મને ઋણમુક્ત કરશો.

૮. પૂ. જલારામબાપાના ચરણોમાં કોટી કોટી પ્રણામ. મારા પતિને અચાનક જ મેડીકલ પ્રોબ્લેમ થયો હતો અને એના જે સાઇન અને સીમ્પટમ હતા તેના પરથી ના આવવાના વિચારો આવતા અને ખૂબ ચિંતા થતી હતી. મગજ પણ ગાંડા જેવુ થઇ ગયુ હતુ. બાપાને યાદ કરી કહ્યું કે મારી બધી જે ચિંતાઓ છે તે તમને સોંપી દઉ છું અને તમેજ ડૉકટર થઇને મારા પતિની સાથમાં રહેજો. જે પણ ટેસ્ટ થાય તેના રીપોર્ટ નોર્મલ આવે અને કાઇ મેજર પ્રોબ્લેમ ન થાય તો હું તમારો પરચો છપાવીશ અને યથાશક્તિ ભેટ મુકીશ. બાપા(ભગવાન)એ મારી લાજ રાખી. મારી વિનંતી સાંભળી અને બધા જ રીપોર્ટ નોર્મલ આવ્યા અને બધુ જ સરસ રીતે પાર પડી ગયુ. બાપા હાજરા હજુર છે. જયારે બાપાને યાદ કરીએ ત્યારે તે હાજર થઇ જાય છે. બાપાએ મારા અનેક પરચાઓ પૂર્યા છે જેનો કોઇ પાર નથી. આ સાથે યથાશક્તિ ભેટ મોકલુ છુ તે સ્વીકારશો અને પરચો છાપી મને ઋણમુક્ત કરશો.

૯. પૂ. બાપાને કોટી કોટી પ્રણામ. બાપાની કૃપાથી અમારી ઇચ્છાઓ પૂર્ણ થઇ છે. મારે ત્યાં બે દીકરીઓ બાદ દીકરાનો જન્મ થયો અને મારા દીકરાની માંદગી આવ્યા બાદ બાપાએ મારા દીકરાને નવુ જીવનદાન આપ્યુ. બાપા, તમે જ મને દીકરો આપ્યો છે, તમારે જ મારા દીકરાની રક્ષા કરવાની છે. સદાય માટે મારા દીકરાને તમારા આશીર્વાદ આપતા રહેજો અને એને કાંઇ આંચ ન આવે તેવી કૃપા કરજો. અમારી ઉપર ઘણી મુશ્કેલીઓ આવી છે એમાંથી સદાયને માટે બહાર રાખજો.

૧૦. મને પૂ. જલારામબાપા ઉપર ખૂબ જ શ્રધ્ધા અને વિશ્વાસ છે. પૂ. જલારામબાપાને કોટી કોટી વંદન. બાપા, તમારા પરચા અપરંપાર છે. તમારી માનતા માનું છુ અને મારો બેડો પાર થાય છે. મને ગળામાં તેમજ પેટમાં ઘણા સમયથી દુઃખાવો રહેતો હતો. દવા કરવાથી પણ ફેર પડતો નહોતો. આથી મેં જલારામબાપાની માનતા માની કે મને મટી જશે તો હું યથાશક્તિ ભેટ મોકલીશ અને પરચો છપાવીશ. બાપાની કૃપાથી મને મટી ગયુ છે. હું અને મારા પતિ ઇન્ડીયા ગયા હતા ત્યારે તે દિવસે અમારી બેગો આવી નહોતી. મેં જલારામબાપાને પ્રાર્થના કરી કે અમારી બેગો સહી સલામત ઘરે આવી જશે તો પરચો છપાવીશ. બાપાની દયાથી બેગો બીજા જ દિવસે અમારે ઘેર આવીને આપી ગયા. મારા મનમાં બે વાતની મુંઝવણ રહ્યા કરતી હતી તે પણ બાપાએ દૂર કરી દીધી.

અમારી ફૂડ સ્ટેમ્પમાં પણ કોઇ પ્રોબ્લેમ ન આવે અને ચાલુ રહે તે માટે પણ બાપાને પ્રાર્થના કરી હતી તે પણ કોઇ મુશ્કેલી આવી નથી. મારી ભાણીનું દોઢ વર્ષથી ગ્રીનકાર્ડ આવતુ નહોતુ તેથી બાપાની માનતા માની કે ગ્રીનકાર્ડ મળી જશે તો હું યથાશક્તિ ભેટ મોકલીશ અને પરચો છપાવીશ. બાપાની કૃપાથી ગ્રીનકાર્ડ પણ મળી ગયુ છે અને ઇન્ડીયા પણ સારી રીતે પહોંચી ગઇ છે. બાપા તમને અમારા લાખો પ્રણામ. આવી રીતે બધા ભકતોની મનોકામના પૂર્ણ કરશો.

૧૧. પૂ. જલારામબાપાને અને પૂ. વીરબાઇમાતાને કોટી કોટી વંદન. સાલ ૨૦૧૧ નવેમ્બરમાં ઇન્ડીયા ગઇ ત્યારે મને ખબર પડી કે મને જીભનું કેન્સર છે. મારા પતિ અને બાળકોએ મને અમેરિકા પાછી બોલાવી દીધી ત્યારે ઇન્ડીયાથી અમદાવાદ આપના મંદિરમાં પગે લાગી અને શિવજીને રૂદ્રાભિષેક કરીને શીકાગો ખાતે પાછી આવી. આપની કૃપાથી, ડૉકટરોની મદદથી અને ઘરના સભ્યોના સાથથી મારી સર્જરી અને બધી જ સારવાર સારી રીતે પૂરી થઇ ગઇ છે અને એમાંથી બહાર આવી ગઇ છું. સાલ ૨૦૧૭ની ૮ ફેબ્રુઆરીના દિવસે સર્જરીના ૫ વર્ષ પૂરા થશે તે દરમ્યાન કોઇપણ તકલીફ થઇ નથી. આવી જ રીતે આપની કૃપા અમારા સૌની ઉપર રાખજો.

ફીનીક્સ એરપોર્ટ ઉપર વોશરૂમમાં હું પર્સ ભૂલી ગઇ હતી અને ત્યાં ઘરમાં સોનાની બંગડી ખોવાઇ ગઇ હતી. તે બન્ને મળી ગયુ હતુ જે બાપાની કૃપા વગર શકય જ નથી. આ રીતે અમને સૌને શ્રી જલારામબાપા સાચો માર્ગ અને સાચી દીશા બતાવશો. શક્તિ અને પ્રેરણા આપજો. આ સાથે યથાશક્તિ ભેટ મોકલુ છુ તે સ્વીકારશો અને પરચો છાપી મને ઋણમુક્ત કરશો.

૧૨. પૂ. જલારામબાપાની કૃપાથી મારા મેડીકલ રીપોર્ટ નોર્મલ આવ્યા છે અને મને ખૂબ જ ચક્કર આવે છે તે મારા બાપાને વિનંતી કે મને સારુ કરી દે. બાપાની કૃપાથી મને બધુ સારુ થઇ ગયુ છે. મારા દીકરાની તબિયત સારી રહેતી નથી, કઇ વખતે એને શુ થઇ જાય, બાપા અમે બધા ખૂબ જ ગભરાઇ જઇએ છીએ. તમારા આશીર્વાદથી દીકરો આવ્યો છે. હવે પછી મારા દીકરાના બધા રીપોર્ટ નોર્મલ આવે એવી પ્રાર્થના.

૧૩. પૂ. જલારામબાપા, તમારા ચરણોમાં કોટી કોટી વંદન. બાપા હંમેશા અમારા કામ કરે છે. બાપા ઉપર અમને દ્રઢ વિશ્વાસ અને શ્રધ્ધા છે. મારા જમાઇને જોબ છૂટી જવાથી મેં બાપાને કહ્યું કે બાપા લેખમાં મેખ મારીને પણ શીકાગોમાં જોબ અપાવો. બાપાએ મારી અરજ સાંભળી અને જાણે ચમત્કાર થયો અને જે કંપનીમાં જોબ હતી તે જ કંપનીમાં જોબ પાછી મળી ગઇ. મેં પરચો છપાવવાની માનતા માની હતી તો આ સાથે યથાશક્તિ ભેટ મોકલુ છુ તે સ્વીકારશો અને પરચો છાપી મને ઋણમુક્ત કરશો.

૧૪. પૂ. જલારામબાપાની કૃપા અપરંપાર છે. બાપા તો દયાના સાગર છે. બાપાની કૃપાથી મારી જોબ ઉપર એક આફ્રીકન અમેરીકન લેડી મને ખૂબ જ હેરાન કરતી હતી અને બાપાને મેં પ્રાર્થના કરી અને બાપાની દયાથી તેને લીડમાંથી દૂર કરી નાંખી. બાપાની દયા ખૂબ જ છે. બીજુ કે બાપાની કૃપાથી મારી ગ્રાન્ડ ડોટર અને તેની મમ્મી અમારે ઘેર પાછી આવી ગઇ છે. મારી બધી મુશ્કેલીઓ બાપાએ દૂર કરી દીધી છે. આ સાથે યથાશક્તિ ભેટ મોકલુ છુ તે સ્વીકારશો અને પરચો છાપી મને ઋણમુક્ત કરશો.

૧૫. પૂ. જલારામબાપાને લાખ લાખ વંદન અને આભાર. બાપાએ મારી સંપૂર્ણ આશાઓ પૂરી કરી દીધી છે. મારા પરિવારને ઘણો સુખી બનાવ્યો છે. મારી પોતાની શરીરની તકલીફો પણ મટાડી છે. મારા દીકરાની બેકપેક અને લેપટોપ બધુ જ ખોવાઇ ગયુ હતુ તે સારી રીતે સુરક્ષિત મળી ગયુ છે. જલારામબાપા સાક્ષાત છે. જેમ મને ફળ્યા તેમ બધાને ફળજો. આ પરચો છાપી મને ઋણમુકત કરશો.

૧૬. પૂ. બાપા ઉપર મને પૂરી શ્રધ્ધા અને વિશ્વાસ છે. મારા પતીને માથુ ખૂબ દુઃખતુ હતુ. હોસ્પીટલ ગયા તો રીપોર્ટમાં બ્રેઇન ટયુમર હતુ. બાપાને યાદ કરી માનતા માની કે તેમનું ઓપરેશન સારી રીતે પતી જાય. હવે તેમને સારુ છે. પૂ. બાપાના ચરણોમાં પ્રાર્થના છે કે તેમને વધારે સારુ થઇ જાય.

મારા ખોવાયેલા પૈસાનું કવર પણ બાપાને યાદ કરતા મળી આવ્યુ. મેં જલારામ દર્પણમાં પરચો છપાવવાની અને પૂ. બાપાના ચરણોમાં યથાશક્તિ ભેટ મુકવાની માનતા માની હતી તો આ પરચો છાપી મને ઋણમુકત કરશો.

૧૭. મને શારીરીક દુઃખ હતુ તેમજ એસીડીટી, છાતીનો દુઃખાવો બધુ જ પૂ. જલારામબાપા તમારી કૃપાથી મટી ગયુ છે. મેં માનતા માની હતી કે મારો મેડીકલ રીપોર્ટ નોર્મલ આવશે અને કોઇ જીવલેણ રોગ ન હોય તો તમારો પરચો છપાવીશ. મારી લાજ રાખી, રાખો છો અને રાખશો. એ માટે આજે હું આ પરચો છાપી માનતામાંથી ઋણમુકત કરજો.

૧૮. પૂ.જલારામબાપાને પ્રાર્થના કરી કે મારી દીકરી જે છોકરા સાથે વાત કરતી હતી તે રીંગ આપશે તો જલારામ દર્પણમાં પરચો છપાવીશ. પૂ જલારામબાપાની કૃપાથી આજે બધુ સરળ થયું છે. પૂ. બાપા અમારા બધા કામ કરો છે અને આગળ તે કરતા રહેશો. આ માટે પૂ. બાપાના ખૂબ ખૂબ આભારી છીએ.

૧૯. જય જલારામ, અમારો દીકરો તેના ફેમિલી સાથે ઇન્ડિયા ગયો હતો. ત્યાં તેના પુત્રની તબીયત બગડી હતી. અમે અહી માનતા રાખી. તેને સારૂ થઇ જાય અને સુખ રૂપ અહી ઘરે પાછા આવી જાય તો પરચો છપાવીશ. પૂ. જલારામબાપાની કૃપાથી બધા સુખરૂપ પાછા આવી ગયા છે. આ પરચો છાપી અમોને ઋણમુક્ત કરશો.

૨૦. જય શ્રી જલારામ. પૂ. જલારામબાપાના ચરણોમાં કોટી કોટી પ્રણામ. જલારામબાપાની કૃપાથી અમારા બધા જ કામ પાર પડયા છે. આ પરચો છાપી અમોને ઋણમુક્ત કરશો અને યથાશક્તિ મોકલાવેલ ભેટ સ્વીકારશો.

૨૧. જય શ્રી જલારામબાપા, શ્રી અંબાજીમા. મારા દીકરા પિનાકીનને આંખે વાગ્યુ હતું. આંખે દેખાતું ન હતુ. મેં પૂ. બાપા અને માતાની કૃપા અને આશીર્વાદ માગ્યા કે મારા દીકરાને સારૂ થઇ જશે અને આંખે દેખાશે તો આપની કૃપા અને આશીર્વાદ છપાવીશ. અને તેને સારૂ થઇ ગયુ. હે મા અને પૂ. બાપા, આવી કૃપા સદાએ અમારા બાળકો ઉપર કરશો એજ પ્રાર્થના. પૂ. શ્રી મા અને પૂ, બાપાના ચરણોમાં હૃદયપૂર્વકના સાદર પ્રણામ.

૨૨. જય અંબેમા, જય જલારામ. મારા બન્ને પગે ખૂબ જ દુઃખાવો ઉપડયો હતો. મને ચિંતા થઇ કે હાડકુ ભાંગી ગયુ લાગે છે. મારા પગમાં કંઇ તુટી કે ભાંગી ગયુ ન હોય તો હું આપની કૃપા માગું છું. પૂ. બાપા અને માની કૃપાથી મારા બધા રીપોર્ટ નોર્મલ આવ્યા. હે બાપા, હે મા, અમારા કુટુંબ ઉપર સદાયે કૃપા કરશો. હું તમારા ચરણોમાં રહેનારી ભક્ત છું અને રહીશ.

૨૩. પૂ. જલારામબાપા તથા શ્રી સાંઇબાબા તમોને કોટી કોટી પ્રણામ. મને પૂ. બાપા અને શ્રી સાંઇબાબા ઉપર ખૂબ જ શ્રધ્ધા છે. મારા દરેક કામમાં હું તેઓને યાદ કરૂ છું. તે મારા પરિવારનાં બધા જ કામ પાર પાડે છે. મેં માનતા રાખી હતી કે મારા ભાભીનો કીડનીનો રીપોર્ટ સારો આવશે તો પરચો છપાવીશ અને પૂ. બાપાના ચરણોમાં ભેટ મુકીશ. પૂ. બાપા સદાય અમારી સાથે રહેજો અને આશીર્વાદ આપજો. આ પરચો છાપી અમોને ઋણમુક્ત કરશો.

૨૪. પરમ પૂજય જલારામ બાપાની કૃપાથી મારી દીકરીના બધા રીપોર્ટ નોર્મલ આવ્યા. તેને કેન્સરનો વ્હેમ હતો. પણ પૂ. બાપાની કૃપાથી બધા રીર્પોટ નોર્મલ આવ્યા. મેં પરચો છપાવવાની માનતા રાખી હતી તો આ પરચો છાપી અમોને ઋણમુક્ત કરશો.

૨૫. જય જલારામ. મારી દીકરીને માસ્ટરમાં એડમીશન મળતું ન હતું. મને ફીની ચીતા હતી. મેં પૂ. બાપાની પરચાની માનતા રાખી હતી. દીકરીના એડમીશન અને ફી માટે પણ પૂ બાપાએ મને મદદ કરી છે. આ પરચો છાપી અમોને ઋણમુક્ત કરશો.

૨૬. જય જલારામ, અમારા પરિવાર ઉપર સતત આશીષ વરસાવનાર અને અમોને માર્ગદર્શન કરનારા એવા પૂ જલારામબાપાના ચરણોમાં અમારા પરિવાર તરફથી કોટી કોટી વંદન. આ પરચો છાપી અમોને ઋણમુક્ત કરશો.

૨૭. પૂ. જલારામબાપાની કૃપાથી અમારા બન્નેના બધા ટેસ્ટ નોર્મલ આવ્યા છે. મેં માનતા રાખી હતી કે હું પરચો છપાવીશ. તો આ પરચો છાપી અમોને ઋણમુક્ત કરશો. પૂ. બાપાને કોટી કોટી વંદન.

૨૮. જય જલારામ. પૂ. જલારામબાપાની અસીમ કૃપાથી મારા ધારેલા દરેક કાર્યો પાર પડયા છે. મારા કામ સફળ થાય તે માટે મેં પરચો છપાવવાની માનતા માની હતી. મારા પરિવારને હે બાપા સદાય આશીર્વાદ આપશો. આ સાથે યથાશકિત ભેટ મોકલાવી છે તે સ્વીકારશો અને મારી તથા મારા પરિવારની ભૂલ માફ કરશો.

૨૯. પૂ. જલારામબાપાને કોટી કોટી વંદન. પૂ. બાપાની કૃપાથી બે દીકરી ઉપર દીકરો આવ્યો. ત્રાણ મહિના બાદ દીકરાને મોટી સર્જરી કરાવવી પડી. પૂ.બાપાના આશીર્વાદથી દીકરાને નવુ જીવન મળ્યું. પૂ. બાપા એની તંદુરસ્તી સદાય માટે સારી રહે એવી અમારી પ્રાર્થના.

૩૦. જય જલારામ, પૂ. જલારામબાપા સાક્ષાત છે. મને ડૉકટરે બાયોપ્સી કરાવવાનુ કહ્યુ હતું. મારા ફેમીલીમાં વારસાગત કેન્સર છે, જેથી મને ખૂબ જ બીક લાગતી હતી. મેં પૂ.બાપાની માનતા રાખી કે મારો રીપોર્ટ નોર્મલ આવશે તો હું અને મારો પરિવાર પૂ. જલારામબાપાના મંદિરે દર્શન કરવા આવીશું. પૂ. બાપાએ મારી પ્રાર્થના સાંભળી. જેમ મને ફળ્યા તેમ સર્વે ભકતોને ફળજો.

૩૧. પૂ. બાપા તથા પૂ વીરબાઇમાના ચરણોમાં કોટી કોટી વંદન. પૂ. બાપા ઉપર અમારા પરિવારને અખૂટ શ્રધ્ધા છે. પૂ. બાપા અમારા સર્વે કામ પુરા પાડે છે તથા આગળ પણ સર્વે કામ પુરા પાડશે એવી શ્રધ્ધા છે. હે બાપા તમારા બાળકોની કોઇ ભૂલ થાય તો માફ કરશો. બાપા તમારો પરચો છપાવવાની માનતા રાખી હતી. તો આ પરચો છાપી અમોને ઋણમુક્ત કરશો.

૩૨. પૂ. બાપાની મહેર હંમેશા બાપાના ભક્તો પર વરસતી રહે છે. પૂ. બાપાના અગણીત ઉપકારને ક્યારેય ભુલાવી શકાતા નથી. પૂ. બાપા તમે મારી વ્હારે આવીને મારા પગનું દરદ મટાડી મને ફરી એક વાર ચાલતા કરવા બદ્દલ તમારો હૃદયથી આભાર વ્યક્ત કરૂં છું. આ પરચો છાપી મને ઋણમુક્ત કરશો અને તમારા આશિષની વર્ષા સહુ ભક્તો પર કાયમ વરસાવતા રહેજો.

૩૩. પૂ. બાપા તથા પૂ. વીરબાઇમાતાને કોટી કોટી પ્રણામ. મને પૂ. બાપા પર ખૂબ જ શ્રધ્ધા અને વિશ્વાસ છે. મેં મારા દીકરાના લગ્ન સારી રીતે થઇ જાય અને અમને ઇન્ડિયામાં સારુ ઘર મળે અને મારી દીકરીની દીકરીને ચામડીનો રોગ મટી જાય એ માટે જલારામ દર્પણમાં પરચો છપાવવાની માનતા માની હતી. પૂ. બાપાએ મારા બધા કામ પૂર્ણ કર્યા છે તો આ પરચો છાપી મને ઋણમુક્ત કરશો.

૩૪. પૂ. બાપાની અસીમ કૃપાથી મારા બે કામ પુરા થયા છે. ૧) મને હરણીયાનો દુઃખાવો થયો હતો પણ બાપાની કૃપાથી ઓપરેશન વગર મટી ગયો. ૨) જોબમાં ઇન્ડિયા જવા માટે હા પાડી, મેં ટીકીટ કરાવી પછી મને ના પાડી પણ બાપાની કૃપાથી મારે ઇન્ડિયા જવાનું નક્કી થઇ ગયું કારણકે કેન્સલ ટીકીટ ના ૬૦૦ ડોલર થાય. આમ બાપાની કૃપાથી મારા બે કામ થયા. મેં પરચો છપાવવાની બાધા રાખી હતી તો આ પરચો છાપી મને બાપાના ઋણમાંથી મુક્ત કરશો.

૩૫. પૂ. જલારામબાપાની કૃપાથી મારા બધા જ કાર્ય પૂર્ણ થઇ જાય છે. બાપા અવારનવાર હંમેશા મદદ કરતા રહે છે. પૂ. બાપા ઉપર મને ખૂબ જ શ્રધ્ધા અને વિશ્વાસ છે. અમારા ફેમીલીમાં એક બેનને પ્રેગ્નન્સીમાં ઘણા પ્રયાસ કર્યા હોવા છતાં કંઇ રીઝલ્ટ મળતુ હતુ નહી અને મેં બાપાને પ્રાર્થના કરી અને કહ્યું કે કંઇ સારા સમાચાર મળશે એટલે હું જલારામ દર્પણમાં પરચો છપાવીશ અને બાપાએ અમારી ઇચ્છા પૂર્ણ કરી. તો આ પરચો છાપીને મને ઋણમાંથી મુક્ત કરશો.

૩૬. પરમ પૂજ્ય બાપા હાજરા હજુર છે. પૂ. બાપા અને પૂ. સાંઇબાબા પર મને ખૂબ જ શ્રધ્ધા અને વિશ્વાસ છે. મારા માથાના વાળ બહુ ઉતરતા હતા. મેં પૂ. બાપાની માનતા રાખી હતી કે વાળ ઉતરતા બંધ થઇ જાય તો પૂ. બાપાનો પરચો છપાવવો. પૂ. જલારામબાપાની અને પૂ. સાંઇબાબાની કૃપાથી મારા માથાના વાળ ખરતા બંધ થઇ ગયા છે. આ પરચો છાપી મને ઋણમાંથી મુક્ત કરશો. પૂ. બાપાની અને પૂ. સાંઇબાબાની સર્વ ઉપર આવી અસીમ કૃપા વરસતી રહે એવી પ્રાર્થના.

૩૭. હે જલાબાપા, મને તમારી ઉપર પુરી શ્રધ્ધા છે. દરેક વખતે મારા કામ થઇ જાય છે. આ વખતે પણ મેં જે માનતા માની હતી તે પુરી થઇ છે. આ પરચો પ્રેમથી સ્વીકારશો અને જલારમ દર્પણમાં છાપી ઋણમુક્ત કરશો.

***નોંધ: ઉપર પ્રકાશિત કરેલા પરચાઓ જલારામ ભક્તો તરફથી આવેલ છે જેમણે પોતાના નામ જાહેર ન કરવાની વિનંતી કરેલ છે.***

મારી વાઇફના બન્ને ફેફસામાં કાળા ધબ્બા હતા. એક ડૉકટરનું કહેવુ હતુ કે કેન્સરની સાઇન દેખાય છે. મેં પૂ. બાપાની માનતા માની કે તમારા ચરણોમાં હું ભેટ ધરીશ અને બીજી માનતા મેં ઘરની માનેલી. પૂ. બાપાની કૃપાથી મારી વાઇફને કેન્સરની કોઇ સાઇન નથી. પૂ. બાપાનો ઘણો ઘણો આભાર. પૂ. બાપા સર્વેને મદદ કરે તેવી પ્રાર્થના. આ પરચો છાપીને મને ઋણમુક્ત કરશો.

હરીશભાઇ જેઠવાના જય જલારામ

પૂ. જલારામબાપાની અસીમ કૃપાથી મારા તમામ કાર્યો પૂર્ણ થાય છે. પૂ. બાપા મારું એક મકાન થાય તેવી મારી મનોકામના પૂર્ણ કરશો. બાપા, આપના ચરણોમાં કોટી કોટી પ્રણામ.

અનીતા શાહના જય જલારામ

પૂ. બાપાને સાષ્ટાંગ દંડવત પ્રણામ. મને બાપામાં ઘણા વર્ષોથી ઘણી જ શ્રધ્ધા છે અને દરેક વખતે મારી મુશ્કેલીઓમાં હું બાપાને યાદ કરૂ છુ અને બાપા મારી મદદે દોડી આવે છે. મારા ઘણા બધા પ્રશ્નો બાપાએ જ ઉકેલ્યા છે જેથી મારી શ્રધ્ધા રાત દિવસ વધતી જાય છે. મેં બાપાની માનતા માની હતી અને મારા બધા જ કામો બાપાએ સફળતાપૂર્વક પાર પાડયા છે. આ સાથે યથાશક્તિ ભેટ મોકલી છે તે બાપાના ચરણોમાં પ્રેમથી ધરાવીને મને ઋણમુકત કરશો.

મધુબેનના જય જલારામ

મારા પત્નીને હરનીયાનું ઓપરેશન થોડા વર્ષ પહેલા કર્યુ હતુ પરંતુ ગયા મહિને વજન ઉચકવાથી તેને પેટમાં દુઃખવા લાગ્યુ. ડૉકટરને બતાવતા કહ્યું કે હરનીયા ફરીથી બહાર આવી રહ્યુ છે અને કદાચ ફરીથી ઓપરેશન કરવુ પડશે. મેં પૂ. બાપાની માનતા માની કે પૂ. બાપા મારી પત્નીને પેટમાં દુઃખાવો બંધ થઇ જાય અને ઓપરેશન ના કરવુ પડે તો ભેટ ધરવી અને પરચો છપાવવો. પૂ. બાપાની દયાથી હવે સારુ છે અને ઓપરેશન નહી કરવુ પડે. પૂ. બાપાએ આવી રીતે ઘણી વખત મદદ કરી છે.

હરીશભાઇ જેઠવાના જય જલારામ

જય શ્રી  જલારામ. શ્રી જલારામબાપાની અસીમ કૃપાથી મારો હેલ્થ રીપોર્ટ તથા સરકારી ઓડીટ સારી રીતે પતી ગયા. પૂ. બાપાનો પરચો છપાવવાની માનતા રાખી હતી. તો આ પરચો છાપી અમોને ઋણમુક્ત કરશો.

દીપકભાઇ પટેલના જય જલારામ

જય જલારામબાપા, જય યોગેશ્વર ભગવાન. જેવા સુખો અમોને આપ્યા છે તેવા સુખો આપના ભક્તોને આપશો. દરેકને ભાવ-પ્રેમ-સ્નેહ-હેત-આર્થિક-માનસીક-શારિરીક, આ બધા સંપૂર્ણ સુખો આપીને દરેકનુ ખૂબ ભલુ કરશો. જેથી આપના મંદિરમાં સારા કામો કરી શકે. યથાશકિત મોકલાવેલ ભેટ સ્વીકારવા વિનંતી.

દાસના જય જલારામ

શ્રી હરિ. મારી દીકરી સરોજે ઇન્ડિયા જતી વખતે તેમના ઘરની ચાવીઓ મને મૂકી રાખવા આપેલી, પરંતુ મારાથી આડી અવળી મૂકાઇ ગયેલી, તેથી શ્રી જલારામબાપાને પ્રાર્થના કરી અને મને એ ચાવીઓ મળી ગઇ તે સત્ય હકીકત છે. આપણા શીકાગો મંદિરમાં પૂ બાપાની પ્રતિમામાં સાક્ષાત બાપા આવીને તમામની મનોકામના પૂર્ણ કરે છે. તે હકીકત ખરેખર આનંદ અને ઉલ્લાસ વધારે તેવી દિવ્ય છે. આગામી જલારામ દર્પણમાં આ પરચો પ્રકાશીત કરવા અને આ સાથે મોકલાવેલ ભેટ સ્વીકારવા વિનંતી.

ડૉ. મગનભાઇ પટેલના જય જલારામ

જય અંબે, જય જલારામ, પૂ. જલારામબાપાને લાખ લાખ વંદન. પૂ. બાપાએ મારી સંપૂર્ણ આશાઓ પુરી કરી છે. મને તેમનો પરચો પણ થયો છે. મારા પરિવારને ઘણો સુખી બનાવ્યો છે. મારી પોતાની શારિરીક તકલીફો મટાડી છે. મારા દીકરાનું બેકપેક લેપટોપ સાથે ખોવાઇ ગયુ હતુ તે સુરક્ષીત મળી ગયુ છે. પૂ. જલારામબાપા સાક્ષાત હાજર છે. મને ફળ્યા તેમ બધાને ફળજો. ભૂલ ચૂક માફ કરશો અને આ પરચો છપાવશો. પૂ. જલારામબાપાને મારી ખૂબ ખૂબ જય જય.

ધર્મીબેનના જય જલારામ

જય જલારામ, પૂ. બાપા મનો દર વખતે મદદ કરે છે. મારી પત્નિના બન્ને ફેફસામાં કાળા ધબ્બા હતા. ડૉકટરનુ કહેવુ હતુ કે કેન્સરની સાઇન લાગે છે. મેં પૂ. બાપાની માનતા માની કે તમારા ચરણોમાં ભેટ ધરીશ અને બીજી માનતાઓ મેં ઘરની માનેલી. પૂ બાપાની કૃપાથી મારી પત્નિને કેન્સરનો ચાન્સ નથી. પૂ. બાપાનો ઘણો ઘણો આભાર. પૂ. બાપા બધાને મદદ કરે તેવી પ્રાર્થના કરૂ છું. આ સાથે યથાશકિત ભેટ મોકલાવુ છુ તે પૂ. બાપાના ચરણોમાં ધરજો.

હરીશભાઇ જેઠાલાલના જય જલારામ

## જલારામ દર્પણ ભેટ યોજના

*આપની ભેટ બદલ શ્રી જલારામ મંદિર આપનો હાર્દિક આભાર વ્યકત કરે છે અને બાપાના ચરણોમાં પ્રાર્થના કરે છે કે સર્વેને તન, મન અને ધનથી સુખી કરે અને આવી સેવા કરવાની પ્રેરણા હંમેશા આપતા રહે.*

| | |
|---|---|
| ➢ છોટાલાલ / શાંતાબેન પટેલ | ડૉ. ૫૧.૦૦ |
| ➢ આર. કે. / આર. જે. ગાંધી | ડૉ. ૨૫.૦૦ |
| ➢ નીરવભાઇ / દીપ્તીબેન ગાંધી | ડૉ. ૫૦.૦૦ |
| ➢ મધુબેન પટેલ | ડૉ. ૨૧.૦૦ |
| ➢ બીનાબેન ગાંધી | ડૉ. ૫૧.૦૦ |
| ➢ મુમુ / રાબર્ટ ચટવાણી | ડૉ. ૨૧.૦૦ |
| ➢ દીલીપભાઇ / વિલાસબેન પટેલ | ડૉ.૫૦૧.૦૦ |
| ➢ રમેશચંદ્ર / ભારતીબેન શાહ | ડૉ. ૫૧.૦૦ |
| ➢ સાઉથલેન્ડ મોટર લોજ | ડૉ. ૨૫.૦૦ |
| ➢ મનહરભાઇ / મધુબેન મોદી | ડૉ. ૧૫૩.૦૦ |

| | |
|---|---|
| ➢ ગીરીશભાઇ શાહ | ડૉ. ૨૦.૦૦ |
| ➢ માઇક / નીરૂબેન પટેલ | ડૉ. ૫૧.૦૦ |
| ➢ ડૉ. મગનભાઇ પટેલ | ડૉ. ૧૧.૦૦ |
| ➢ દીનેશભાઇ / શીલ્પાબેન પટેલ | ડૉ. ૨૫.૦૦ |
| ➢ ચંદ્રકાંતભાઇ / ઈંદીરાબેન શાહ | ડૉ. ૫૧.૦૦ |
| ➢ પુરુષોત્તમભાઇ / મધુબેન પટેલ | ડૉ. ૧૦૦.૦૦ |
| ➢ પંકજભાઇ / પન્નાબેન ઘીવાલા | ડૉ. ૧૧.૦૦ |
| ➢ જયશ્રીબેન ગાંધી | ડૉ. ૨૫.૦૦ |
| ➢ સુનીલભાઇ / હંસાબેન પટેલ | ડૉ. ૧૧.૦૦ |
| ➢ રામ ભરોસે | ડૉ. ૩૭૧.૦૦ |

## Going Green – 2017

*Let's all try to save the planet for our future generations. Going forward starting with January 2017 issue, we will not be mailing a physical copy of Jalaram Darpan to everyone in the mail. We will be publishing the Darpan on our website at www.shreejalarammandir.org as well as send it via email to those members who provided it to us. If you want to share your email address, please send it to shreejalarammandirchicago@gmail.com.*

**આપણા પર્યાવરણને અને પૃથ્વીને આપણી ભાવિ પેઢી માટે લાંબા સમય સુધી હરિયાળી રાખવા માટે આપણે સૌ પ્રયાસ કરવો જોઇએ. જાન્યુઆરી ૨૦૧૭ના અંકથી જલારામ દર્પણ રેગ્યુલર મેઇલમાં મોકલવામાં આવશે નહી તેની નોંધ લેવી. દર્પણ ફકત મંદિરની વેબસાઇટ ઉપર પ્રકાશિત કરવામાં આવશે અને ઇમેઇલ દ્વારા મોકલવામાં આવશે. જો આપ ઇમેઇલ દ્વારા દર્પણ મેળવવા ઇચ્છતા હો તો આપનું ઇમેઇલ એડ્રેસ નીચેની ઇમેઇલ ઉપર મોકલી આપો.**

*shreejalarammandirchicago@gmail.com*

# વિશેષ નોંધ

સૌ ભકતોને નમ્ર વિનંતી કે જો આપનું સરનામું બદલાયું હોય તો આપ મંદિરની ઓફિસમાં જાણ કરશો અથવા ઇ-મેઇલ દ્વારા જણાવશો જેથી જૂનું સરનામું રદ કરીને નવુ સરનામું નોંધી શકાય અને આગામી ઉત્સવો તેમજ અન્ય સમાચાર પત્રો નવા સરનામે મોકલી શકાય. આ ઉપરાંત મંદિર તરફથી ઇ-મેઇલ દ્વારા પણ આગામી ઉત્સવો તેમજ જલારામ દર્પણ મોકલાવીએ છીએ. જો આપને ઇ-મેઇલ દ્વારા સમાચાર મેળવવાની ઇચ્છા હોય તો આપ ઓફિસમાં ૮૪૭-૪૯૦-૫૨૫૨ પર સંપર્ક કરી શકો છો.

# જનરલ

દરેક ઉત્સવના ફોટા મંદિરની વેબસાઇટ ઉપર મૂકવામાં આવે છે જેની સૌ ભકતોએ નોંધ લેવા વિનંતી છે. મંદિરમાં ચાલતી પ્રવૃત્તિઓ અથવા મંદિરને લગતા કોઇ સુધારા માટે આપને કોઇ સૂચન હોય તો મંદિરમાં એક સૂચન પેટી (સજેશન બોકસ) મૂકવામાં આવેલ છે જેમાં આપના સૂચનો મૂકી શકો છો. મંદિરની સમિતિ યોગ્ય સૂચનોનો વિચાર વિમર્શ કરી અમલ કરશે.

# ડોનેશન કેન

આપણું શ્રી જલારામ મંદિર સને ૨૦૦૮માં ખુલ્લુ મુકાયુ ત્યારે મંદિર માટે ભંડોળ એકત્ર કરવા ભકતજનોની વિનંતીથી ''ટીપે ટીપે સરોવર ભરાય અને આપણું શ્રી જલારામ મંદિર સતત ઝળહળે'' તેવા સંકલ્પથી દિવસનો એક ડૉલર ડોનેશન કેનમાં મુકી કેન ભરાયેથી મંદિરમાં પરત આપવાનુ નક્કી થયેલ હતું. આપની પાસે જો કેન હોય તો તેને અવારનવાર મંદિરે આવતા જતા ઓફિસમાં આપી અને પાછું લઇ જવા નમ્ર વિનંતી છે.

# વીરબાઇમા હોલ

આપના ઘરમાં આવતા કોઇપણ પ્રસંગ માટે આપ મંદિરનો સભા હોલ રાખી શકો છો. આ ઉપરાંત આપ મંદિરનું ભોંયરૂ, રસોડુ તથા મંદીરમાં બનાવેલ રસોઇ પણ લગ્ન પ્રસંગ, વર્ષગાંઠ અથવા સીમંત જેવા પ્રસંગો માટે રાખી શકો છો. આ માટે આપને ભુપેન્દ્રનો ૨૨૪-૭૧૫-૨૦૧૦ પર સંપર્ક કરવા વિનંતિ છે.

**જલારામ મંદિર સમિતિ**